# શહેર કેવી રીતે વિકસિત થાય

## સિટિ ઓફ ટોરન્ટોમાં યોજના-પધ્ધતિ (પ્લાનિંગ)

શહેરો એવી જગ્યાઓ છે જ્યાં લોકો રહી, ભણી, કામ કરી, ફરી અને રમી શકે. એ જરૂરી છે કે શહેરો વ્યાપક સેવાઓ આપે – શાળાઓ, પાર્ક, હેલ્થ કેઅર, દુકાનો, રેસ્ટારન્ટ અને પરિવહન. જે શહેરો સજાગ અને આકર્ષક હોય, ત્યાંજ લોકો રહેવા, ફરવા અને વેપાર કરવા માગે છે.

ટોરન્ટોમાં, સિટિ પ્લાનિંગ ડિવિઝન, શહેરના રૂપ અને વૃદ્દિ-વિકાસના માર્ગદર્શનમાં મદદ કરે છે. સિટિ પ્લાનિંગ, સમુદાયો અને બીજા સિટિ ડિવિઝનો સાથે મળીને કામ કર છે અને અગત્યના વિષયો જેમ કે સામાજીક, ધંધાકીય અને વાતાવરણના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિકાસના ધ્યેય અને નીતિઓ નિર્ધારિત કરે છે.

યોગ્ય પ્લાનિંગથી શહેરનો સુઘડ વૃદ્દિ-વિકાસ થાય છે અને અમને પોતાના મનવાંછિત સમુદાયની રચના કરવામાં મદદ મળે છે.

## પ્લાનરનો કર્તવ્ય શું છે?

પ્લાનિંગના કર્મચારીઓ જનતાના મતો ભેગા કરીને મુદ્દાઓનો અભ્યાસ કરે છે અને એવી યોજનાઓ, નીતિઓ અને કાર્યક્રમોનો વિકાસ અને સમીક્ષા કરે છે જેથી અમારા વાતાવરણનો રક્ષણ અને સુધાર થાય છે. તે સિટિ કાઉન્સિલને મદદ અને સલાહ આપે છે. ઉત્તમ શહેર બનાવવાના પોતાના ધ્યેયો પૂર્ણ કરવાના ખ્યાલથી પ્લાનર, સમુદાયો અને આખાં શહેરના વિભિન્ન વર્ગો સાથે મળીને કામ કરે છે.

ટોરન્ટો સિટિ પ્લાનિંગ ડિવિઝનનો વિભાજન ડિસ્ટ્રિક્ટ પ્રમાણે કરવામાં આવ્યો છે – ઇટોબિકો યોર્ક, નોર્થ યોર્ક, ટોરન્ટો અને ઇસ્ટ યોર્ક અને સ્કારબરો – કામકાજના ચાર ખંડોમાં :

1. કમ્યૂનિટિ પ્લાનિંગ – કાઉન્સિલને વિકાસના કાર્યક્રમો વિષે સલાહ આપે છે – જનતા અને સિટિ સર્વિસેસ સાથે સલાહ-મસલત કરીને અને વિકાસના કાર્યક્રમોના બધા ભાગોની સારી રીતે સમીક્ષા અને વિશ્લેષણ કર્યા પછી.
2. પોલીસી એન્ડ રીસર્ચ - પ્લાનિંગની નીતિઓ વિકસિત કરે છે – જમીનના ઉપયોગ, રહેવાસ, સમુદાયની સેવાઓ અને વાતાવરણની પૂર્ણ શોધના આધાર પર. "હેરિટેજ" સાચવણ કરવાની યોજનાઓ અને કાર્યક્રમોને લાગુ કરે છે અને પ્રોત્સાહન આપે છે.
3. અર્બન ડિઝાઇન – રસ્તા, પાર્ક અને ખુલ્લી જગ્યા માટે ઉચ્ચ સ્તરની રૂપરેખાને પ્રોત્સાહન આપે છે. ખાસ જમીન ઉપર બિલ્ડિંગો ક્યાં બનાવવી, એમની વ્યવસ્થા અને આકાર વિષે માર્ગદર્શન આપે છે.
4. ટ્રાન્સપોર્ટેશન – ટ્રાન્ઝિટમાં સુધારો કરે છે, કારોનો ઉપયોગ ઘટાડવાનો પ્રયાસ કરે છે અને પરિવહનના બીજા પ્રકારોને ઉત્સાહિત કરે છે, જેમ કે પગે ચાલવું, સાયકલિંગ, સબ-વે અને સ્ટ્રીટ-કાર.

## ઓન્ટારિઓમાં પ્લાનિંગ

ટોરન્ટોના સિટિ પ્લાનર ઘણા કાનૂનો, કાયદાઓ અને ઝોનિંગ બાય-લાઓ અને નીતિઓનો પાલન કરે છે :

### દ પ્લાનિંગ એક્ટ

- આખાં ઓન્ટારિઓમાં પ્લાનિંગનો સંચાલન કરે છે

- નગરપાલિકાઓને અધિકૃત પ્લાન બનાવવા કહે છે
- જમીનના વિકાસ માટે મંજૂરીની પદ્દતિ નિર્ધારિત કરે છે અને જનતા સાથે સલાહ-મસલતની ઓછામાં ઓછી જરૂરિયાતનો પ્રમાણ નિશ્ચિત કરે છે
- ઓન્ટારિઓ મ્યૂનિસિપલ બોર્ડમાં અપીલ કરવાના હક નિર્ધારિત કરે છે

### પ્રોવિન્સિઅલ પોલિસી સ્ટેટમેન્ટ (PPS)

- પ્રાન્તની અભિરુચિના પ્લાનિંગના વિષયો જેમ કે વાતાવરણ, નાણાકીય અને રહેવાસની નીતિઓનો માર્ગદર્શન કરે છે
- પ્લાનિંગના નિર્ણયો PPS ના અધિકૃત પ્લાન સાથે એકરાગી રહેવા જોઇએ

### ઝોનિંગ બાય-લા

- "ખાસ જમીનના" આધાર પ્રમાણે અધિકૃત પ્લાન લાગુ કરે છે
- જમીનનો ઉપયોગ અને બિલ્ડિંગોનો નિર્માણ નિયમાનુસાર રાખે છે
- નક્કી કરે છે કે જમીન પર શું બનાવી શકાય છે – અર્થાત
  - જગ્યાનો અધિકૃત ઉપયોગ
  - વિકાસની ગીચોગીચતા
  - બિલ્ડિંગની ઊંચાઇ અને રસ્તાથી અંતર
  - પાર્કિંગ અને ખુલ્લી જગ્યાની જરૂરિયાત

### દ કમેટી ઓફ એડજસ્ટમેન્ટ

- સિટિ કાઉન્સિલ મારફત નિયુક્ત ડિસ્ટ્રિક્ટ પેનલને પ્લાનિંગના ગૌણ વિષયો સાંભળવાના અને નિર્ણય લેવાના અધિકાર છે જેમ કે :
  - ઝોનિંગ બાય-લાના ગૌણ પરિવર્તન;
  - કાનૂની અધિકૃત ઉપયોગ વિરોધી અરજી; અને
  - જમીનના વિભાજન કરવા માટે પરવાનગીની અરજી
- બધા નિર્ણયોની અપીલ ઓન્ટારિઓ મ્યૂનિસિપલ બોર્ડમાં કરી શકાય છે

www.toronto.ca/planning/comm_adj.htm

### ઓન્ટારિઓ મ્યૂનિસિપલ બોર્ડ (OMB)

- માલમતા અને પ્લાનિંગ બાબત પ્રાન્ત મારફત નિયુક્ત અપીલ બોર્ડ
- વિકાસની અરજી ઉપર કાઉન્સિલના નિર્ણયોની અપીલ પણ સાંભળે છે
- કમેટી ઓફ એડજસ્ટમેન્ટના નિર્ણયોની અપીલ સાંભળે છે
- જો કે સિટિ નિર્ધારિત અવધિમાં કામ પૂરું ના કરે તો સિટિના નિર્ણયો પર પણ અપીલ કરી શકાય છે.

www.toronto.ca/torontoplan

## સક્રિય ભાગ કેવી રીતે લઇ શકાય છે?

તમે પ્લાનિંગ પદ્દતિમાં ભાગ લઇ શકો છો – સમુદાયમાં શું થાય છે એની માહિતી ભેગી કરીને અને સાર્વજનિક સભાઓમાં ભાગ લઇને. તમારા ભાગ લેવાથી, સિટિ કાઉન્સિલ તમારા પાડોશના ભવિષ્યકાળ પર અસર પાડતા સારા નિર્ણયો લઇ શકે છે.

જો તમે પૂર્ણ કે અંશિક રૂપે પ્લાનિંગ પદ્દતિમાં અને નીતિઓના પરિવર્તનમાં અભિરુચિ રાખો છો તો આ બધુ કરી શકો છો :

- અભિરુચિના વિષયો વિષે વધુમાં વધુ માહિતી ભેગી કરો અને વિચાર કરો કે એમનો તમારા ઉપર શું પ્રભાવ થશે;
- સાર્વજનિક સભાઓ અને માહિતીની બેઠકોમાં પોતાના વિચારો વ્યક્ત કરો;
- પોતાના વિચારો કાઉન્સિલ સદસ્યને લખીને આપો;
- સિટિ પ્લાનરો સાથે સમ્પર્ક સાધો; અને
- નગરપાલિકાની ચૂંટણીમાં શામિલ થાઓ.